# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-Dec-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે અષ્ટલક્ષ્મી મહોત્સવનું ઉદ્ઘાટન કરશે.
2) રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ અભિષેક મનુસિંઘવીની સીટ પરથી ચલણી નોટોનું બંડલ મળી આવતા સભાપતિએ તપાસનો આદેશ આપ્યો
3) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતનાં અગ્રણીઓએ આજે મહાપરિનિર્વાણ દિવસે ડોક્ટર બી આર આંબડેકરને શ્રધ્ધાંજલિ અર્પણ કરી
4) ભારતીય રિઝર્વ બેન્ક-આરબીઆઇએ વ્યાજ દર 6.5 ટકા પર યથાવત રાખ્યા
5) ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ભારતનો નિરાશાજનક દેખાવ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PM-ASHTALAKSHMI MAHOTSAV*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે અષ્ટલક્ષ્મી મહોત્સવનું ઉદ્ઘાટન કરશે.**

ત્રણ દિવસીય આ ઉત્સવમાં ઉત્તર-પૂર્વના તમામ આઠ રાજ્યોની સંસ્કૃતિ, કાપડ ઉદ્યોગ, હસ્તકલા, પ્રવાસન સ્થળો અને અન્ય ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવશે. 250 થી વધુ કારીગરો અનન્ય હસ્તકલા, હેન્ડલૂમ અને 34 GI-ટેગવાળી વસ્તુઓ સહિત કૃષિ-બાગાયત ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ફેશન શો, ડિઝાઇન કોન્ક્લેવ, ખરીદનાર-વિક્રેતા બેઠકનું પણ આયોજન કરવામાં આવશે.

## *PRESIDENT ODISA*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મંગળવારથી તેમના ગૃહ રાજ્ય ઓડિશાની પાંચ દિવસની મુલાકાતે છે. તેઓ આજે મયુરભંજ જિલ્લામાં તેમના વતન ઉપરબેડાની મુલાકાત લેશે અને આવતીકાલે મયુરભંજમાં અનેક કાર્યક્રમોમાં ઉપસ્થીત રહેશે.

## *LOKSABHA RAJYASBHA*

એક અગ્રણી ઉદ્યોગ જૂથ સામે કથિત લાંચનાં આક્ષેપો તથા અન્ય મુદ્દે વિરોધ પક્ષોએ શોરબકોર કરતાં આજે લોકસભાની કાર્યવાહી 12 વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. ગૃહ ફરી મળ્યું ત્યારે પણ વિરોધ પક્ષોના શોરબકોરના પગલે અધ્યક્ષે કાર્યવાહી સોમવાર પર મુલતવી રાખી હતી.

આજે સવારે કાર્યવાહી શરૂ થઈ ત્યારે કોંગ્રેસ સહિતનાં વિરોધ પક્ષોએ ઘોંઘાટ કર્યો હતો. અધ્યક્ષ ઓમ બિરલાએ સભ્યોને પ્રશ્નકાળ ચાલવા દેવા વિનંતી કરી હતી પણ વિરોધ પક્ષના સાંસદોએ કાર્યવાહી ન ચાલવી દીધી.

દરમિયાન, ગઈ કાલે રાજ્યસભામાંથી ચલણી નોટોનું બંડલ મળી આવ્યું હતું. ગૃહ મોકૂફ રહ્યા બાદ નિયમિત તપાસ દરમિયાન નોટો મળી આવી હતી. આજે સવારે ગૃહ મળ્યું ત્યારે સભાપતિ જગદીપ ધનખડે ગૃહને માહિતી આપી કે સીટ નંબર 222 પરથી સલામતી અધિકારીઓ ચલણી નોટો મળી આવી હતી. આ સીટ કોંગ્રેસના

સાંસદ અભિષેક મનુ સિંઘવીને ફાળવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે આ ગંભીર મુદ્દો છે અને તેની તપાસ ચાલી રહી છે.

આ અંગે શ્રી સિંઘવીએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ ઉપલા ગૃહમાં જાય છે ત્યારે માત્ર 500 રૂપિયાની નોટ જ સાથે રાખે છે. ગઇ કાલે તેઓ બપોરે 12-57 વાગે ગૃહમાં પહોંચ્યા હતા અને ગૃહ એક વાગે શરૂ થયું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, તેઓ બપોરે દોઢ વાગ્યા સુધી કેન્ટીનમાં હતા, ત્યારબાદ સંસદમાંથી નીકળી ગયા હતા.

## *DAY MAHAPARINIRVAN DIWAS*

બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકરની 69મી પુણ્યતિથિ નિમિત્તે આજે મહાપરિનિર્વાણ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્ર નિર્માણમાં ડૉ.આંબેડકરના યોગદાનને ઉજાગર કરવા દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ભુવનેશ્વર ખાતે ભારત રત્ન બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ નવી દિલ્હીમાં સંસદ ભવન સંકુલમાં આવેલા પ્રેરણા સ્થળ ખાતે ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંસદસભ્યો અને અન્ય મહાનુભાવોએ પણ પ્રેરણા સ્થળ ખાતે ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સોશિયલ મીડિયાના માધ્યયમથી મુંબઈમાં ચૈત્ય ભૂમિની તેમની મુલાકાતની એક તસવીર શેર કરીને, પ્રધાનમંત્રીશ્રી મોદીએ ડૉ. આંબેડકરને સામાજિક ન્યાયના દીવાદાંડી રૂપ ગણાવ્યા હતા.

બાબાસાહેબ આંબેડકર એક આદરણીય નેતા, ન્યાયશાસ્ત્રી, વિચારક, અર્થશાસ્ત્રી અને સમાજ સુધારક હતા, જેમણે પોતાનું જીવન સમાનતા અને જાતિ આધારિત

ભેદભાવ નાબૂદ કરવા માટે સમર્પિત કર્યું હતું. બાબાસાહેબને 1990માં મરણોત્તર ભારત રત્ન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## *NADDA-TB CAMPAIGN*

કેન્દ્રીય આરોગ્યમંત્રી જગત પ્રકાશ નડ્ડા આવતીકાલે હરિયાણાના પંચકુલાથી ક્ષય રોગ અંગે 100-દિવસીય સઘન અભિયાન શરૂ કરશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાષ્ટ્રીય ક્ષય નાબૂદી કાર્યક્રમ (NTEP) હેઠળ, ક્ષય રોગ (ટીબી) ની ઘટનાઓ અને મૃત્યુદરના પડકારોને પહોંચી વળવા સમગ્ર દેશમાં આ અભિયાન હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં હરિયાણાના મુખ્યમંત્રી અને હરિયાણાના આરોગ્ય મંત્રી આરતી સિંહ રાવ પણ હાજર રહેશે.

ક્ષય રોગ અંગેની આ પહેલ 33 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 347 જિલ્લાઓમાં લાગુ કરવામાં આવશે.

100-દિવસની ઝુંબેશનો મુખ્ય ઉદેશ્ય  ટીબીનો દર, નિદાન થયેલા કેસો, ટીબીને લીધે થતાં મૃત્યુનો દર સુધારવાનો છે. આ ઉપરાંત આ ઝુંબેશ અંતર્ગત દર્દીઓમાં ટીબીના અદ્યતન નિદાનના ઉપયોગમાં વધારો, તેમજ વધુ જોખમ ધરાવતા દર્દીઓ માટે વિશેષ સંભાળ અને વિસ્તૃત પોષણ સહાયની પણ જોગવાઈ છે.

## *SONOWAL - PRESS CONF*

બંદરો, વહાણવટા અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું છે કે આગામી વર્ષોમાં ઉત્તર-પૂર્વ ભારત દક્ષિણ-પૂર્વ એશિયાના વિકાસનું કેન્દ્ર બની શકે છે. ઉત્તર પૂર્વ સશક્તિકરણ - આત્મનિર્ભર ભારત તરફ પરિવર્તનશીલ દાયકા વિષય પર યોજાયેલી પત્રકાર પરિષદમાં શ્રી સોનોવાલે કહ્યું કે સરકારની એક્ટ ઈસ્ટ નીતિમાં પરિવર્તન લાવનાર ઉત્તર-પૂર્વ ભારતની કેન્દ્રીય ભૂમિકા છે.  શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે ઉત્તર-પૂર્વ વિકસિત ભારત 2047ના વિઝનને સાકાર કરવામાં અને ભારતને

આત્મનિર્ભર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે ભારતીય બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકરને તેમની 69મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *RBI POLICY*

ભારતીય રિઝર્વ બેન્કની નાણા નીતિ સમિતિએ ચાર વિરુધ્ધ બેની બહુમતિથી વ્યાજ દરને 6.5 ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. આ જ રીતે સ્ટેચ્યુટરી ડિપોઝીટ રેટ પણ 6.25 ટકા અને બેન્ક રેટ 6.75 ટકા પર યથાવત રાખ્યા છે. બેન્કે ફેબ્રુઆરી, 2023થી આ દરો જાળવી રાખ્યા છે.

## *EAM-INDIA-JAPAN FORUM*

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને જાપાન વચ્ચે સેમિકન્ડક્ટર સહયોગના વધતા મહત્વ પર ભાર મૂક્યો છે. આજે નવી દિલ્હીમાં ભારત-જાપાન ફોરમના ઉદ્ઘાટન સત્રમાં બોલતા જણાવ્યું હતું કે બંને રાષ્ટ્રો આ ક્ષેત્રમાં તાઈવાન સાથે પણ નજીકથી કામ કરી રહ્યા છે. ડૉ. જયશંકરે આવા સહયોગના મહત્વ પર ભાર મૂકતા, આગામી દાયકામાં ભૌગોલિક રાજકીય સ્તરના સમીકરણોને સંતુલિત કરવા માટે સેમિકન્ડક્ટર્સ એક મહત્વપૂર્ણ ઘટક હોવાનું કહ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવા અને ભારતીય કેમ્પસમાં વિદેશી

વિદ્યાર્થીઓને આવકારવા સહિત આંતરરાષ્ટ્રીય સહયોગ માટે ભારતની વધતી જતી નિખાલસતા તરફ પણ ધ્યાન દોર્યું હતું.

ભારત અને જાપાન વચ્ચેના સારા સંબંધો અંગે જણાવતા ડૉ. જયશંકરે કહ્યું હતું કે વિદેશી પ્રવાસન પ્રત્યે વધતી જતી રુચિ છતાં, જાપાનમાં હજુ પણ ભારતીય પ્રવાસીઓમાં નોંધપાત્ર વધારો જોવા નથી મળ્યો. ચીન સાથેના સંબધો આગળ વધારવા માટે વધુ ચર્ચા કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે 2020 માં ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા પર તેની લશ્કરી હાજરી વધારી ત્યારે શાંતિપૂર્ણ યથાસ્થિતિ ખોરવાઈ ગઈ હતી. તેમણે હાલમાં પણ અહી મોટી સંખ્યામાં લશ્કરી દળો હોવાથી સૈન્ય ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## *INTERIM GOVERNMENT OF BANGLADESH*

બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા પ્રોફેસર મુહમ્મદ યુનુસે ગુરુવારે દેશમાં લઘુમતીઓ પરના હુમલાઓ વિશે સચોટ માહિતી મેળવવા માટે ધાર્મિક નેતાઓની મદદ માંગી છે. ગઈકાલે ઢાકામાં મુસ્લિમ, હિંદુ, બૌદ્ધ અને ખ્રિસ્તી સમુદાયના ધર્મગુરુઓ સાથે કરેલી વાતચીતમાં તેમણે કહ્યું હતું કે લઘુમતીઓ પર હુમલાનો મુદ્દો વિદેશી મીડિયા દ્વારા ફરી સામે આવ્યો છે પરંતુ વાસ્તવિકતા અને પ્રકાશિત સમાચાર વચ્ચે માહિતીનું અંતર છે. શ્રી યુનુસે કહ્યું કે સરકાર આ વિષે સચોટ માહિતી જાણવા માંગે છે અને એ માટે તેમણે ધર્મગુરુઓને સંવાદમાં જોડાવા વિનંતી કરી છે. જેથી દેશમાં લઘુમતીઓ પર હુમલાની કોઈ ઘટના બને તો તેની તાત્કાલિક માહિતી એકત્ર કરી ગુનેગારોને સજા આપી શકાય.

શ્રી યુનુસે આવી ઘટનાઓને રોકવા અને પીડિતો માટે તાત્કાલિક ઉપાય સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

# *IRAN EARTHQUAKE*

ઈરાનના ખુઝેસ્તાનમાં આજે સવારે 5.6ની તીવ્રતાના ભૂકંપના કારણે ઓછામાં ઓછા 29 લોકો ઘાયલ થયાના અહેવાલ છે. સ્થાનિક સમય મુજબ સવારે 7:32 વાગ્યે હાફ્ટકેલ કાઉન્ટીમાં કેન્દ્રબિંદુ ધરાવતો આ ભૂકંપ 10 કિમીની ઊંડાઈએ નોંધાયો છે. આ ભૂકંપને પરિણામે મસ્જેદ સોલેમેન કાઉન્ટીમાં તીવ્ર આંચકા અનુભવાયા હતા તેમજ પ્રાંતીય રાજધાની અહવાઝમાં પણ તેની અસર વર્તાઈ હતી. ખુઝેસ્તાનના ગવર્નર મોહમ્મદ રેઝા માવલીઝાદેહે જણાવ્યું છે કે, મસ્જેદ સોલેમાનમાં 296 મકાનોને ભૂકંપથી નુકસાન થયું છે. તેમણે ઉમેર્યું કે ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં બચાવ ટીમો મોકલવામાં આવી છે.

## *WEATHER*

શ્રીનગરમાં ગઈ કાલે તાપમાનનો પારો માઇનસ 4.1 ડિગ્રી સેલ્સિયસે પહોંચતા આ મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો, જ્યારે લોકપ્રિય પ્રવાસન સ્થળ ગુલમર્ગમાં માઇનસ 4.3 અને પહેલગાંવમાં માઇનસ 6.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતમાં અને આગામી બે દિવસ દરમિયાન પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે ઘટાડો થવાની ધારણા છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આ મહિનાની 10મી સુધી પંજાબ, હરિયાણા અને ચંદીગઢના અલગ-અલગ વિસ્તારોમાં મોડી રાત્રે અને વહેલી સવારના કલાકો દરમિયાન ગાઢ ધુમ્મસની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે આજે મધ્ય મહારાષ્ટ્ર અને તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં છૂટાછવાયા સ્થળોએ વીજળીના ચમકારા સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

## CRICKET...INDIA AUS. SECOND TEST

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચ આજે ઓસ્ટ્રેલિયાના એડિલેડ ઓવલ ખાતે શરૂ થઈ છે. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે ભારતે 6 વિકેટ ગુમાવીને 118 રન કર્યા છે. કે એલ રાહુલે 37 અને શુભમિન ગીલ 31 રનમાં આઉટ થઈ ગયા હતા. કેપ્ટન રોહિત શર્મા ત્રણ, વિરાટ કોહલી સાત અને યશસ્વી જયસ્વાલ શૂન્ય રનમાં આઉટ થયા હતા.

આ ડે-નાઇટ મેચ ગુલાબી બોલથી રમાઇ રહી છે.

પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે શાનદાર જીત નોંધાવી હતી. આવતા વર્ષે જૂનમાં લોર્ડ્સમાં રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માટે હજુ પણ પાંચ ટીમો હરીફાઈમાં છે. ભારતે ફાઈનલમાં સ્થાન મેળવવા બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ઓસ્ટ્રેલિયાને હરાવવું પડશે.